# એન.એચ.એમ. અંતર્ગત ૧૧ માસના કરાર આધારીત ભરતી કરવા બાબત

જિલ્લા રક્તપિત્ત અધિકારીશ્રી ની કચેરી, સુરત માટે રાષ્ટ્રીય રક્તપિત્ત નિર્મૂલન કાર્યક્રમ અંતર્ગત રક્તપિત્ત રોગ માટે જિલ્લા આરોગ્ય સોસાયટી, લેપ્રસી સબ કમિટી, સુરત દ્વારા એન.એચ.એમ. અંતર્ગત કરાર આધારિત તદન હંગામી ધોરણે "પેરામેડીકલ વર્કર" ની નિમણૂંક સુરત જિલ્લાના તાલુકા માં નીચે મુજબની જગ્યા માટે માસિક ફિક્સ પગારથી ૧૧ માસનાં કરારના ધોરણે નિમણૂક મેળવવા માગતાં ઉમેદવારો પાસે ઓનલાઇન અરજીઓ https://arogysathi.gujarat.gov.in આપેલ લીંકમા તા ૧૧/૦૩/૨૦૨૪ થી તા ૩૧/૦૩/૨૦૨૪ દરમ્યાન કરવાની રહેશે. સદર ભરતી કરાર આધારિત હોવાથી અન્ય કોઇ હક્ક-હિત મળવાપાત્ર થશે નહી તથા મુદત પુર્ણ થયેથી નિમણૂકની મુદત સમાપ્ત થશે. અન્ય શરતો સરકારશ્રી દ્વારા જે નિયત થયેલ છે તે ઉમેદવારને લાગુ પડશે.

(૧) પેરામેડીકલ વર્કર (PMW) : સુરત અર્બન, જી.સુરત (જગ્યા-૧), તા.ઓલપાડ, જી.સુરત (જગ્યા-૧) અને તા.માંડવી, જી.સુરત (જગ્યા-૧)

શૈક્ષણિક લાયકાત: (૧)હાઇસ્કુલ/હાયરસેંકડરી સાથે પી.એમ.ડબલ્યુ. (લેપ્રસી) ટ્રેનિંગ કમ્પ્લીશન સર્ટીફીકેટ અથવા એમ.એસ.ડબ્લયુ. તેમજ કોમ્પ્યુટર ની જાણકારી

(૨) બી.એસ.સી.સાથે આરોગ્ય ક્ષેત્રે ૩ વર્ષનો અનુભવ તેમજ કોમ્પ્યુટર ની જાણકારી

વય મર્યાદા:૧૮ થી ૪૦ વર્ષ, માસિક પગાર: રૂ.૧૧૦૦૦/-

## ઑનલાઇન ફોર્મ ભરવા અંગે ની જરૂરી સૂચના

૧.ઉમેદવારની ફક્ત ઓનલાઇન https://arogysathi.gujarat.gov.in માં PRAVESH>CURRENT OPENINGS પર મળેલ અરજી સ્વીકારવા માં આવશે. આર.પી.એ.ડી. સ્પીડ પોસ્ટ. કુરીયર કે સાદી ટપાલ દ્વારા અરજી ઓ માન્ય રહેશે નહી

૨.સુવાચ્ય ઓરીજનલ ડોક્યુમેન્ટની ફોટો કોપી સોફટવેરમાં ફરજિયાત અપલોડ કરવાની રહેશે અને દરેક ઉમેદવારે ઇ.મેલ આઇ.ડી ફરજિયાત આપવાનું રહેશે.

૩.અધુરી વિગતો વાળી અરજી અમાન્ય રહેશે.

૪.ઉમેદવાર એક કરતા વધુ અરજી કરી શકશે નહી

૫.વયમર્યાદા માટે જાહેરાતમાં દર્શાવેલ અરજી સ્વીકારવા ની છેલ્લી તા.૩૧/૦૩/૨૦૨૪ ની સ્થિતિને ધ્યાનમાં લેવામાં આવશે.

૬.નિમણુક્ને લગતો આખરી નિર્ણય જિલ્લા રક્તપિત્ત અધિકારી શ્રી, સુરત નો રહેશે.

જિલ્લા રક્તપિત્ત અધિકારી

સુરત

LEPROSY OFFICER ... AT.

Scanned with CamScanner